# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 06-04-2025 Day: Monday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ડો. આંબેડકર જન્મજયંતી :

આજે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિની ઉજવણી કરાઇ રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વગેરે દ્વારા સંસદ ભવન સંકુલમાં આજે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઇ હતી.

ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિની સમગ્ર કચ્છ જિલ્લામાં પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજ, ગાંધીધામ, અંજાર, આદિપુર, રાપર, મુન્દ્રા, માંડવી, નખત્રાણા સહિતના તાલુકા મથકો અને વિવિધ ગામોમાં જન્મજયંતીને અનુલક્ષીને જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

જિલ્લામથક ભુજ ખાતે ભીમરાવ ગ્રુપ દ્વારા ભીમરાવનગર ખાતેથી આજે બપોર બાદ શોભાયાત્રા નીકળી હતી. જે શહેરના રાજમાર્ગો પર ફરીને ટાઉનહોલ પાસે બાબા સાહેબની પ્રતિમાને હારારોપણ સાથે સંપન્ન થશે. આ શોભાયાત્રાને સાંસદ વિનોદ ચાવડા, મામલતદાર ડી.કે. રાજપાલ, સહિતના મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

---

## માદક પદાર્થ પકડાયો

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATS અને તટરક્ષક દળની ટુકડીએ ભારતીય જળસીમામાંથી એક હજાર 800 કરોડ રૂપિયાની કિંમતનો માદકપદાર્થ પકડ્યો છે. ATSની ટુકડીને પાકિસ્તાની માછીમારી હોડીમાં 400 કિલો જેટલો ગેરકાયદે માદકપદાર્થનો જથ્થો પોરબંદર નજીકની જળસીમામા આવવાની માહિતી મળી હતી. તેના આધારે A.T.S. અને તટરક્ષકની ટુકડી સચેત બની હતી. દરમિયાન, પાકિસ્તાની હોડીમાં બેઠેલા લોકો માદકપદાર્થનો જથ્થો દરિયામાં નાખી હોડી સાથે ભાગી ગયા હતા.

જોકે, હોડીમાં તપાસ કરાતા 311 કિલો માદકપદાર્થ મળ્યો હતો, જેની અંદાજે કિંમત એક હજાર 800 કરોડ રૂપિયા થાય છે.

---------------------------------------------------------------------------------------------

## નાગરિક સંરક્ષણ તાલીમ:

અંજાર તાલુકાના જોગણીનાર મંદિર પરિસરમાં આજે જિલ્લા કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને અગરિયાઓ અને માછીમારો માટે નાગરિક સંરક્ષણ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. ચક્રવાત, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ સમયે કેવી રીતે જાનમાલનું રક્ષણ કરવું અને તકેદારીના ક્યાં ક્યાં પગલાંઓ લેવા અંગે વિસ્તૃત જાણકારી આ તાલીમ દરમિયાન આપવામાં આવી હતી. અંજાર તાલુકાના સંઘડ, વીરા અને રામપર ગામ તથા મુન્દ્રા તાલુકાના કુકડસર, તુણા અને ભદ્રેશ્વર ગામ અને તેની આજુબાજુના મીઠાના અગરોમાં કામ કરતા અગરિયાઓ તેમજ માછીમારો તાલીમમાં જોડાયા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર આનંદ પટેલે નાગરિક સંરક્ષણ તાલીમ અને સીપીઆર તાલીમને ખૂબ જ મહત્વની ગણાવીને અગરિયાઓ આ તાલીમથી પોતાનો અને અન્ય લોકોનો જીવ બચાવવા માટે સક્ષમ બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ ( IMD) દ્વારા કચ્છ જિલ્લાને ચક્રવાત આવવાની "અત્યંત સંભવિત" કેટેગરી એટલે કે "P-2" કેટેગરીમાં વર્ગીકૃત કરેલ છે. જેથી, કચ્છના રણ અને

દરિયાકાંઠાના વિસ્તારોમાં મીઠું પકાવવાનો વ્યવસાય કરીને આજીવિકા મેળવતા કુલ ૩૮૦૦ જેટલા અગરિયા કુટુંબો તેમજ ૭૯૪૭ જેટલા માછીમારોને કેન્દ્રમાં રાખીને જિલ્લાના વિવિધ સ્થળોએ આવી જ તાલીમો હાથ ધરવામાં આવશે તેમ નાગરિક સંરક્ષણ કચેરી ભુજ દ્વારા જણાવાયું છે.

---

## ભુજ એરપોર્ટ:

ભુજ એરપોર્ટ પર ગઈકાલે રવિવારે એકસાથે 917 મુસાફરોની અવરજવર નોંધાઇ હતી. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે છે. હાલમાં સવારે મુંબઇ માટે 2, બપોરે અમદાવાદ માટે અને સાંજે દિલ્હી માટેની ફ્લાઇટ ઉપલબ્ધ છે ત્યારે ગઈકાલે બન્ને તરફે આખી ફ્લાઇટ ભરેલી જોવા મળી હતી. જેના કારણે એરપોર્ટ પર દિવસભર પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો.

---

## પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર:

રિજનલ સાયન્સ સેન્ટર–ભુજ દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન 22 એપ્રિલથી 14 જૂન સુધી વર્કશોપ, કેમ્પ સહિતની વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક પ્રવૃત્તિ સવારના 10 થી 1 અને બપોરે 4 થી સાંજના 7 વાગ્યા સુધી રહેશે. આ પ્રવૃત્તિઓમાં કોઇપણ વયના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો ભાગ લઇ શકે છે.

વિવિધ વર્કશોપની સાથે ધોરણ 6 થી 10ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજકોસ્ટ દ્વારા 29 એપ્રિલથી 7 જૂન દરમ્યાન સમર સાયન્સ કેમ્પ 2025નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

---

## મતિયા દેવનો મેળો:

અબડાસા તાલુકાના ઘુડથર ગામમાં આજથી મતીયા દેવનો મેળો શરૂ થઈ રહ્યો છે. મહેશ્વરી સમાજના ઇષ્ટદેવની જન્મ જંયતિ પ્રસંગે યોજાઈ રહેલા આ મેળા દરમ્યાન આગામી 16મીએ મહા આરતી અને પૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

નલિયાથી 12 કિલોમીટર દૂર આવેલા આ સ્થાનકે પહોંચવા હાલ હજારો ભાવિકો પદયાત્રા કરી રહ્યા છે. યાત્રિકોની સેવા માટે માર્ગ પર અનેક સેવા કેમ્પો કાર્યરત બન્યા છે.

---

## આઈપીએલ:

ઇંડિયન પ્રીમિયર લીગ -IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સ આજે સાંજે લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ચેન્નઈ સુપર કિંગ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

છ મેચમાંથી ચારમાં જીત સાથે, લખનૌની ટીમ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે, જ્યારે ચેન્નાઈની ટીમે છ મેચમાંથી ફક્ત એક જીત મેળવી પોઈન્ટ ટેબલમાં અંતિમ સ્થાને છે.

---

## હવામાન:

જીલ્લામાં આંશિક રાહત બાદ આજે ફરી મહત્તમ તાપમાન ઉંચકાતા ગરમીમાં વધારો થયો છે. ભુજમાં આજે મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચ્યું હતું તો લઘુતમ તાપમાન 25 ડિગ્રી નોંધાયું હતું. ગરમીથી રાહત આપવા માટે જીલ્લામાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને લોકો દ્વારા નિ:શુલ્ક છાસ વિતરણ કેન્દ્રો શરુ કરાયા છે. હવામાન વિભાગે આવતીકાલે કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં ગરમીમાં વધારો થવાની આગાહી કરી છે.

---